# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :**http://www.bknmu.edu.in **Email :**cebknmu@gmail.com


પરીપત્ર:

**વિષય:** યુ.જી સેમ-૬, એલ.એલ.બી સેમ-૨,૪,૬, બી.એડ સેમ-૨,૪ અને પી.જી.સેમ-૨,૪ તેમજ પી.જી.ડી.સી.એ સેમ-૨, ડી.એમ.એલ.ટી.પરીક્ષાના આયોજન કરવા બાબતે

સંદર્ભ:

(૧) કોવિડ – ૧૯ ની મહામારીને ધ્યાને રાખીને કોલેજ/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ તેમજ આગામી શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પ્રક્રિયા અને શૈક્ષણિક કાર્ય શરૂ કરવા સંબંધે યુ.જી.સી.ના તા.૨૯/૦૪/૨૦૨૦ના પત્રથી માર્ગદશક સુચનાઓ પરિપત્રિત કરવામાં આવી છે.
(૨) રાજ્ય સરકારાશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાક:કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧ તા.૨૪/૦૫/૨૦૨૦
(૩) રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાક:કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧ તા.૨૬/૦૫/૨૦૨૦
(૪) અત્રેની યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક બીકેએનએમયુ/પરીક્ષા/૩૯૨/૨૦૨૦ તા.૨૮/૦૫/૨૦૨૦.
(૫) રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧તા.03/૦૬/૨૦૨૦
(૬) રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાક:કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧તા.03/૦૬/૨૦૨૦
(૭) અત્રેની યુનિવર્સિટી એકેડેમિક કાઉન્સીલ બેઠક નં ૦૪ની કાર્યવાહી નોંધ તા.૦૫/૦૬/૨૦૨૦
(૮) અત્રેની.યુનિવર્સિટી એક્ઝ્ક્યુટિવ કાઉન્સીલ બેઠક નં ૨૧ની કાર્યવાહી નોંધ તા.૦૬/૦૬/૨૦૨૦

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનના વડાઓ તેમજ તમામ કોલેજના આચાર્યશ્રીઓ,માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ તમામ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત સંદર્ભ ૧ થી ૮ પરના પત્રથી નીયત થયેલી નીતિ અન્વયે યુનિવર્સિટીના યુ.જી સેમ-૬, પી.જી.સેમ-૨,૪, એલ.એલ.બી સેમ-૨,૪,૬ અને બી.એડ સેમ-૨,૪ ની પરીક્ષાનુ નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | કોર્ષનું નામ અને સેમેસ્ટર | પરીક્ષા શરૂ થવાની તારીખ |
|---|---|---|
| ૧ | બી.એ. સેમ.૬ | ૨૫-૦૬-૨૦૨૦ |
| ૨ | એલએલ.બી. સેમ.૪ | ૨૫-૦૬-૨૦૨૦ |
| ૩ | બી.એ. હોમ સાયન્સ સેમ.૬ | ૨૫-૦૬-૨૦૨૦ |
| ૪ | બી.એસસી. આઇ.ટી. સેમ.૬ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૫ | બી.સી.એ. સેમ.૬ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૬ | બી.બી.એ. સેમ.૬ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૭ | બી.એસસી. સેમ.૬ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૮ | બી.આર.એસ.સેમ.૬ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૯ | બી.એસ.ડબલ્યુ. સેમ.૬ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૧૦ | બી.એસસી. હોમ સાયન્સ સેમ.૬ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૧૧ | બી.કોમ. સેમ.૬ | ૦૬-૦૭-૨૦૨૦ |

| ક્રમ | કોર્ષનું નામ અને સેમેસ્ટર | પરીક્ષા શરૂ થવાની તારીખ |
|---|---|---|
| ૧૨ | એમ.કોમ. સેમ. ૨ અને ૪ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૧૩ | એમ.એસસી. હોમ સાયન્સ સેમ. ૨ અને ૪ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૧૪ | એમ.એસ.ડબલ્યુ. સેમ. ૨ અને ૪ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૧૫ | એમ.એડ. સેમ. ૨ અને ૪ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૧૬ | બી.એડ. સેમ. ૨ અને ૪ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૧૭ | એમ.એસસી. (ઓલ) સેમ. ૨ અને ૪ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૧૮ | એમ.આર.એસ. સેમ. ૨ અને ૪ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૧૯ | એલએલ.બી. સેમ. ૨ અને ૬ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૨૦ | એમ.એ. (ઓલ) સેમ. ૨ અને ૪ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૨૧ | એલએલ.એમ. સેમ. ૨ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૨૨ | એમ.એસસી. (આઇ.ટી.એન્ડ સી.એ.) સેમ. ૨ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૨૩ | પી.જી.ડી.સી.એ. સેમ. ૨ | ૦૬-૦૭-૨૦૨૦ |
| ૨૪ | ડી.એમ.એલ.ટી. | ૦૬-૦૭-૨૦૨૦ |
| **નોંધ: ઉપરોક્ત પરીક્ષાના વિગતવાર ટાઈમ ટેબલ ટુંક સમયમાં યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવામાં આવશે.** | | |

## પરીક્ષા કેન્દ્ર સંચાલક તેમજ વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચનાઓ

(૧) તમામ ફેકલ્ટીમાં સ્નાતક તથા અનુસ્નાતકના વિદ્યાર્થીના વિશાળ હિતને ધ્યાનમાં લઈ જે તે સેમેસ્ટરની પરીક્ષા ૨:૩૦ કલાકની હતી તે હવે ૨:૦૦(બે) કલાકની રહેશે તેમજ જે પરીક્ષાઓનો સમયગાળો ૨:૦૦(બે) કલાકની અને ૧:૩૦ કલાકની પરીક્ષા અગાઉના નિયત થયેલા માળખા મુજબ રહેશે અને ડી.એમ.એલ.ટી નો સમયગાળો ૩:૦૦ કલાકનો રહેશે. આ સાથે પ્રશ્નપત્રનું પરિરૂપ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(૨) સ્નાતક યુ.જી. સેમ-૨ અને સેમ-૪ ની પરીક્ષા લેવાની રહેશે નહિ પરંતુ તે પરીક્ષાના પરીણામો મેરિટ બેઈઝ્ડ પ્રોગેશનના(MBP) આધારે કરવામાં આવશે અને તેના પરિણામો જાહેર કરવામાં આવશે.

(૩) ગુજરાત સરકારના સંદર્ભ (૫) ઠરાવ મુજબ સેમસ્ટર ૨,૪ ના વિદ્યાર્થીઓને Merit Based Progression આપવાનું હોઈ તે સેમસ્ટરની પરીક્ષા ફી આગામી સેમેસ્ટરની પરીક્ષા ફી તરીકે મજરે આપવામાં આવશે.

(૪) જે વિદ્યાર્થીઓ અનઉતિર્ણ થયેલા(પાસ ન થયેલ) હોય અને સેમ-૨,૪નાં ફોર્મ ભરેલ હોય તેમના પરિણામોમાં આંતરિક ગુણ ન હોવાથી તેમના અગાઉના સેમેસ્ટરનાં ગુણ મુજબ મેરીટ બેઈઝ્ડ પ્રોગ્રેશન યોજના લાગુ પાડવામાં આવશે અને તેઓના પરિણામ મેરીટ બેઈઝ્ડ પ્રોગ્રેશન આધારે આપવામાં આવશે.

(૫) યુ.જી સેમ-૨,૪ મેરીટ બેઈઝ્ડ પ્રોગ્રેશન(MBP) દ્વારા તૈયાર થયેલુ પરિણામ યુનિવર્સિટીના પોર્ટલ પર જાહેર કરવામાં આવશે. જાહેર થયેલા પરિણામથી અંસતોષ હોય તે વિદ્યાર્થીઓને પરિણામ જાહેર થયાના ૧૦ દિવસમાં પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. ખાસ પરીક્ષા આપવાની છે કે નહી તે વિકલ્પ આપવાનો રહેશે.

(અ) "ખાસ પરીક્ષા" માં બેસવાનો વિકલ્પ જે પરીક્ષાર્થીએ આપેલ હોય તે પરીક્ષાર્થીનું મેરીટ બેઈઝ્ડ પ્રોગ્રેશન(MBP) યોજના હેઠળ જાહેર કરાયેલ પરિણામ રદ્દ થશે.

(બ) મેરીટ બેઈઝ્ડ પ્રોગ્રેશન(MBP) યોજના હેઠળ જાહેર કરાયેલ પરિણામનો જો પરીક્ષાર્થી વિકલ્પમાં "સ્વીકાર" કરે તો તેવા પરીક્ષાર્થીઓ "ખાસ પરીક્ષા" આપી શકશે નહિ.

(૬) **મેરીટ બેઈઝ્ડ પ્રોગેશન(MBP) ગણતરી માટેનું પત્રક**

| | | | |
|---|---|---|---|
| આંતરિક મૂલ્યાંકનના ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | આંતરિક મૂલ્યાંકન ૩૦માથી મળેલ ગુણ દા.ત. ૨૦ ગુણ | આંતરિક મૂલ્યાંકનના કુલ ગુણ એટલે ૨૦/૩૦ ના ૫૦% = (૫૦ X ૨૦)/૩૦ = ૩૩.૩૩ ગુણ |
| તરત અગાઉના(Previous) સેમસ્ટરના ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | કુલ ગુણ ૧૦૦માંથી મળેલ ગુણ દા.ત. ૭૦ ગુણ | તરત અગાઉના(Previous) સેમિસ્ટરના કુલ ગુણ એટલે કે ૭૦ના ૫૦%=૩૫ ગુણ |
| વિદ્યાર્થીને મળવાપાત્ર ગુણ | કુલ ગુણ ૧૦૦ | | ૩૩.૩૩+૩૫= ૬૮.૩૩ ગુણ = ૬૮ ગુણ (પૂર્ણાંકમાં ગણતા) |

**વિશેષ નોંધ: જો પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવેલ ન હોય તો તેના ગુણની ગણતરી પણ ઉપર દર્શાવ્યા મુજબ કરવાની રહેશે. જો પ્રાયોગિક પરીક્ષા લેવાઈ ગયેલ હોય તો તે પરીક્ષામાં મેળવેલ ખરેખર ગુણ ધ્યાને લેવાના રહેશે.**

(૭) શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન સેમેસ્ટર ૨/૪ ના પરિણામો મેરીટ બેઈઝ્ડ પ્રોગ્રેશન યોજના હેઠળ જાહેર થતા હોવાથી આ પરિણામોનું પુન: મૂલ્યાંકન કરવાનુ થશે નહી.

(૮) ચાલુ વર્ષે કોઈપણ સેમેસ્ટરની રિમેડીયલ પરીક્ષા લેવાની રહેશે નહિ.

(૯) પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા શરૂ થતા અને પૂર્ણ થતા વિદ્યાર્થીઓનું સમુહ ભેગા ન થાય અને સામાજીક દુરી જળવાઈ રહે તેની કાળજી લેવી.

(૧૦) પરીક્ષા કેન્દ્રના નજીકના આરોગ્ય કેન્દ્ર સાથે પરામર્શ કરી મેડિકલ ટીમ, ડૉકટર જરૂરિયાત મુજબ હાજર રહે તેવી વ્યવસ્થા કરવી.

(૧૧) પરીક્ષા કેન્દ્રમાં દરરોજ પરીક્ષા શરૂ થતા પહેલા અને બીજી પરીક્ષા શરૂ થતા પહેલા વપરાશમાં લેવાયેલ બ્લોકને સાફ સફાઈ અને સેનિટાઇઝ કરાવવાના રહેશે.

(૧૨) પરીક્ષા કેંન્દ્રમાં પસંદ કરેલા બ્લોકમાં આવવા જવાના રસ્તાઓ અલગ રાખવા અને હવા ઉજાસ જળવાઈ રહે તેની તકેદારી રાખવી.

(૧૩) પરીક્ષા કેન્દ્રના દરેક બ્લોકમાં હેન્ડ સેનેટાઈઝ ફરજિયાત રાખવાનુ રહેશે.

(૧૪) પરીક્ષા કેન્દ્રમાં જરૂરિયાત મુજબનો સ્ટાફનો ઉપયોગ કરવો.

(૧૫) પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થી પોતાની પીવાની પાણીની બોટલ લઈ આવે તે માટે આવશ્યક સુચના આપવી.

(૧૬) દરેક પરીક્ષા કેન્દ્રોમાં વિદ્યાર્થીઓ તથા તમામ કર્મચારીઓને ભારત સરકાર તેમજ ગુજરાત સરકારના કોવિડ – ૧૯માં આપેલ તમામ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જેવા કે Social Distance, Hand Sanitizer, Mask ફરજિયાત પહેરવાનું રહેશે તેમજ પરીક્ષા કેન્દ્રમાં રોકાયેલા કર્મચારીઓએ Hand Glows ફરજિયાત પહેરવાનાં રહેશે.

(૧૭) પરીક્ષા કેન્દ્રએ શરીરના તાપમાન માપવા માટેની Temperature gun ફરજિયાત વસાવવાની રહેશે તેમજ પરીક્ષાર્થીને એન્ટ્રી વખતે Temperature ફરજિયાત માપવાનું રહેશે. જેમાં જે પરીક્ષાર્થીને Temperature વધુ આવે તે પરીક્ષાર્થીને યોગ્ય સારવાર મળે તે મુજબની વ્યવસ્થા કરવી. આ ઉપરાંત આરોગ્ય વિભાગના ગાઈડલાઈન મુજબ પાલન કરવાનુ રહેશે.

(૧૮) જે વિદ્યાર્થીઓ કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેતા હોય કે પરીક્ષાના દિવસે કોવિડ – ૧૯ ના લક્ષણો દેખાય કે કોરોના સંક્રમિત થયેલ હોવાનુ જણાય કે અન્ય કારણોસર પરીક્ષા કેન્દ્ર સુધી આવી શકે તેમ ન હોય તો ફક્ત એવા

વિદ્યાર્થીઓ માટે ખાસ પરીક્ષા ઓગસ્ટ / સપ્ટેમ્બર મહિનામાં યોજવામાં આવશે. આ ખાસ પરીક્ષાના માર્ક્સ રેગ્યુલર માર્ક્સ તરીકે માર્કશીટમાં દર્શાવવામાં આવશે.

(૧૯) પરીક્ષા કેન્દ્રોમાં બ્લોકની બેઠક ઝીગઝાગ (એક બેચ પર એક વિદ્યાર્થી) પ્રમાણે સીટ નંબરની ગોઠવણી કરવાની રહેશે.

(૨૦) પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ પ્રકારની ગેરરીતી ના થાય તેના માટે પુરતી તકેદારી રાખવી.

(૨૧) કોવિડ – ૧૯ ની પરિસ્થિતિને કારણે કોઈ પણ પ્રકારના ફેરફાર થશે તો જાણ કરવામાં આવશે.

(૨૨) યુ.જી સેમ-૨,૪ પરીક્ષાઓની આ જોગવાઈ કોવિડ – ૧૯ની મહામારીને કારણે ઉદ્‌ભવેલ પરિસ્થિતિને અનુલક્ષીને માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે જ કરવાની રહેશે.

પરીક્ષા નિયામક

બિડાણ:
ક્રમાક/બીકેએનએમયુ/પરીક્ષા/૪૩૭/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા. ૦૭/૦૬/૨૦૨૦

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનના વડા તેમજ તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થ..